# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૨ તા.૧૮-૬-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- મચ્છરના બ્રીડીંગ અન્વયે જવાબદારી નક્કી થવા બાબત.
સંદર્ભ :- અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન આરોગ્ય વિભાગ સરકયુલર નં.૧ /૨૦૧૯-૨૦.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૩૦ સુધી તથા ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધી મલેરિયા મુકત ગુજરાત જાહેર કરેલ નિર્ધારને સાર્થક બનાવવા માટે મલેરિયા વિભાગ દ્વારા આઈ.ડી. કામગીરી, પેરા ડોમેસ્ટીક કામગીરી, આઈ.આર.એસ. સ્પ્રેયિંગ કામગીરી વગેરે પ્રકારની સઘન કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. સરકારના આ મેલેરિયા મુકત ગુજરાત અભિયાનને સફળ બનાવવા માટે દરેક વિભાગનો પુરતો સહકાર હોવો જરૂરી છે. શાળાઓમાં અલગ અલગ જગ્યાએ ધાબા, પાણીની ટાંકીઓ તથા અન્ય જગ્યાએ મચ્છરોની ઉત્પતિ થઈ શકે છે. જેને ધ્યાને લઈ શાળાઓમાં મચ્છરનું બ્રીડીંગ ન થાય તેની પુરતી તકેદારી રાખવાની રહેશે. આ સાથે સંદર્ભિત સરકયુલરનો અભ્યાસ કરી મચ્છરનું બ્રીડીંગ ન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

જો શાળાઓમાં મચ્છર ઉત્પતિના સ્થાનો જોવા મળે તો મુખ્ય શિક્ષકશ્રીની જવાબદારી નક્કી કરવામાં આવશે માટે આ બાબતે વિશેષ કાળજી લઈ મચ્છરનું બ્રીડીંગ ન થાય તે જોવાનું રહેશે.

બિડાણ :- સંદર્ભિત સરકયુલર

તા.૧૮-૦૬-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવા સદન, (આરોગ્ય વિભાગ)
સરદાર પટેલ ભવન, બીજો માળ, નવું બિલ્ડીંગ, દાણાપીઠ, ખમાસા, અમદાવાદ.
(ટે.નં. ૦૭૯-૨૫૩૯૧૮૧૧)email : mohahmedabad@ahmedabadcity.gov.in

150 YEARS OF CELEBRATING THE MAHATMA

Ahmedabad Municipal Corporation HEALTH DEPT. Ahmedabad

## સરક્યુલર નં.૧/૨૦૧૯-૨૦

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના તમામ ખાતાના વડાઓને જણાવવાનું કે મચ્છરજન્ય રોગો જેવા કે મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા વિગેરે કેસોને અટકાવવા, નિયંત્રણ કરવા તેમજ ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૩૦ સુધીમાં તથા ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધી મેલેરીયા મુક્ત ગુજરાત જાહેર કરેલ નિર્ધારને સાર્થક બનાવવા માટે હેલ્થ વિભાગ હસ્તકના મેલેરીયા વિભાગ દ્વારા ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટ્રીક, ફોગીંગ, આઈ.આર.એસ., એન્ટી લાર્વલ, કન્ટ્રકશન સાઈટોનું ચેકીંગ તથા જરુરી આઈ.ઈ.સી. એક્ટીવીટી જેવી તમામ પ્રકારની સઘન રોગ અટકાયતી કામગીરી / કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

સરકારના આ મેલેરીયા મુકત ગુજરાતના નિર્ધારને સફળ બનાવવા માટે દરેક વિભાગનો પુરતો સહકાર હોવો ખુબ જરુરી છે. આ માટે શહેરમાં કોઈપણ જગ્યાએ મચ્છર ઉત્પતિના સ્થાનો ન ઉદભવે તે માટે પુરતી તકેદારી રાખવી જરુરી જણાય છે. શહેરમાં અલગ અલગ જગ્યાએ આવેલ મ્યુનિ.કોર્પોરેશન સંચાલિત એકમો / યુનિટો જેવા કે વોટર પમ્પીંગ સ્ટેશન, ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, એ.એમ.ટી.એસ. બસ ડેપો, રોડ / એસ્ટેટ સ્ટોર ઓફીસ, વર્કશોપ, સ્વીમીંગ પુલ, મસ્ટર સ્ટેશન, ગાર્ડન, નર્સરી, ઝોનલ ઓફિસ, હેલ્થ સેન્ટર, હોસ્પિટલો, મ્યુનિ. સ્કુલ, લાયબ્રેરી, જીમ્નેસીયમ, સ્મશાનગૃહ, સેન્ટ્રલ સ્ટોર્સ, મ્યુનિસિપલ બિલ્ડીંગ વિગેરેમાં નીચે જણાવેલ કારણોસર મચ્છર ઉત્પતિના સ્થાનો ઉદભવી શકે તેમ છે.

- એકમ ખાતેની વાલ્વ, કુંડીની આસપાસ ભરાઈ રહેલ પાણીની જગ્યાએ..
- એકમના કંપાઉન્ડમાં આવેલ અંડરગ્રાઉન્ડ ટાંકી અને ઓવરહેડ ટાંકીમાં..
- એકમ / યુનિટના બેઝમેન્ટ / ટેરેસમાં ભરાતા પાણીમાં..
- યુનિટની પી.વી.સી. / લોંખડની પાઈપોના લીકેજીસના કારણે ભરાતા પાણીમાં.
- યુનિટ / એકમના કંપાઉન્ડમાં પડી રહેલ ભંગાર, ટાયરમાં ભરાયેલ પાણીમાં..

શહેરમાં વાહકજન્ય રોગચાળો અટકાવવા તથા નિયંત્રણ કરવા માટે મેલેરીયા વિભાગ દ્વારા અવાર નવાર વોટર પમ્પીંગ સ્ટેશન, ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, એ.એમ.ટી.એસ. બસ ડેપો, રોડ / એસ્ટેટ સ્ટોર ઓફીસ, વર્કશોપ, સ્વીમીંગ પુલ, મસ્ટર સ્ટેશન, ગાર્ડન, નર્સરી, ઝોનલ ઓફીસ, હેલ્થ સેન્ટર, મ્યુનિ. સ્કુલ, લાયબ્રેરી, જીમ્નેસીયમ, સ્મશાનગૃહ, સેન્ટ્રલ સ્ટોર્સ, મ્યુનિસિપલ બિલ્ડીંગ વિગેરે જગ્યાએ ચેકીંગની કામગીરી દરમ્યાન મચ્છરના બ્રિડીંગ જોવા મળતા હોય છે. જેને તુંરત જ પોરાનાશક કામગીરી કરી દુર કરવામાં આવે છે અને ભવિષ્યમાં મચ્છરના બ્રિડીંગ ન થાય તે અંગે

તાકીદે દુર કરવામાં આવે અને મચ્છરનું બ્રિડીંગ તેમના નિયંત્રણ હેઠળની મ્યુનિ.મિલકતોમાં ન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

હવે પછી મ્યુનિ.સંચાલિત કોઈપણ એકમ / યુનિટ ખાતે મચ્છર ઉત્પતિના સ્થાનો જોવા મળે તો સદર એકમ / યુનિટના ઈન્ચાર્જ અધિકારીશ્રીની જવાબદારી ગણવામાં આવશે. જેની તમામ ખાતાના અધિકારીશ્રીઓએ નોંધ લેવા અને આપના તાબા હેઠળના સબંધિત અધિકારીશ્રીને જાણ કરવા જણાવવામાં આવે છે.

૨૭/૬/૧૯

ડે.મ્યુનિ.કમિશનર (હેલ્થ)
અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન

તા.૨૭/૦૫/૨૦૧૯